ડાકોર, બહુચરાજી, જુનાગઢ અને ડાંગ ખાતે ૧૦૦ ની ટોચમર્યાદા ધરાવતા ૦૪ ગ્રાંટ ઈન એઈડ ભિક્ષુક કેન્દ્ર શરૂ કરવાની રૂ.૦.૬૩ કરોડની વહીવટી મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:** SJED/NWR/e-file/17/2024/0045/CHH Section
સચિવાલય, ગાંધીનગર.
તા.   /૦૮/૨૦૨૪

વંચાણે લીધા:

(૧)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:DSD/WBD/e-file/226/2024/0043/child branch

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૫/૦૨/૨૦૨૪ના પત્ર ક્રમાંક:DSD/NIT/e-file/226/2024/0056/planning branch

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૮/૦૬/૨૦૨૪ના પત્ર ક્રમાંક : DSD/0303/06/2024.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલા ક્રમાંક:(૧) પરના પત્રથી નિયામકશ્રી(સ.સુ.) **ડાકોર, બહુચરાજી, જુનાગઢ અને ડાંગ ખાતે ૧૦૦ ની ટોચમર્યાદા ધરાવતા ૦૪ ગ્રાંટ ઈન એઈડ ભિક્ષુક કેન્દ્ર શરૂ કરવાની રૂ.૦.૬૩ કરોડની** નવી બાબત નાણાંકીય વર્ષ **૨૦૨૪-૨૫** તરીકે જોગવાઈ કરવા દરખાસ્ત કરેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક:(૨) અને (૩) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાધીનગરના પત્રથી સદરહુ નવી બાબતની અંદાજપત્ર **૨૦૨૪-૨૫** માં જોગવાઈ થતાં સદરહુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતની દરખાસ્ત કરેલ.

ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર હસ્તકના **ડાકોર, બહુચરાજી, જુનાગઢ અને ડાંગ ખાતે ૧૦૦ ની ટોચમર્યાદા ધરાવતા ૦૪ ગ્રાંટ ઈન એઈડ ભિક્ષુક કેન્દ્ર શરૂ કરવા** નીચે કોષ્ટક મુજબની કેન્દ્ર દીઠ કુલ-૧૫ જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના માસિક ફિક્સ વેતનથી આઉટસોર્સથી સેવાઓ મેળવવા મંજૂર કરવા માટે અને વિઝીટીંગ મેડિકલ ઓફિસર (V.M.O) ની ૦૧ જગ્યા વિઝિટ દીઠ રૂ.૨૫૦૦/-ના માનદ વેતનથી મંજૂર કરવા **કુલ રૂ.૦.૬૩ કરોડનો** ખર્ચ કરવાની નવી બાબતને નીચે મુજબની વિગતો અને શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

- સદર ભિક્ષુક ગૃહમાં મહેકમ ઉટસોર્સથી ભરવા તેની મહેકમ અને પગાર વિષયક બાબતો નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ રહેશે.

| ક્રમ | કર્મચારી ગણનો હોદ્દો | મહેકમની સંખ્યા | નાણા વિભાગ દ્વારા સૂચિત માસિક વેતન (અન્ય ચાર્જિસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | ઓફિસર ઇન્ચાર્જ/સુપ્રિટેન્ડેન્ટ (આઉટસોર્સ) | ૧ | ૨૦,૦૦૦ |
| ૨ | કેસ વર્કર (આઉટસોર્સ) | ૧ | ૨૦,૦૦૦ |
| ૩ | ઉધોગ શિક્ષક (આઉટસોર્સ) | ૨ | ૨૦,૦૦૦ |
| ૪ | સ્ટોર કિપર સહ હિસાબનીશ (આઉટસોર્સ) | ૧ | ૧૬,૦૦૦ |
| ૫ | રસોયા (આઉટસોર્સ) | ૧ | લઘુત્તમ વેતન મુજબ |
| | | | |
| ૬ | હેલ્પર (આઉટસોર્સ) | ૧ | લઘુત્તમ વેતન મુજબ |

| | | | |
|---|---|---|---|
| ૭ | વિઝીટીંગ મેડિકલ ઓફિસર (V.M.O) | ૧ | વિઝિટ દીઠ રૂ.૨૫૦૦/- |
| ૮ | હવાલદાર (આઉટસોર્સ) | ૧ | લઘુત્તમ વેતન મુજબ |
| ૯ | ગાર્ડ (આઉટસોર્સ) | ૬ | લઘુત્તમ વેતન મુજબ |
| કુલ | | ૧૫ | |

**શરતો:**

1. ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ ૧૯૫૯ (સન ૧૯૯૪ ના મે મહિનાની ૩૧ મી તારીખ સુધી સુધારેલો) ની કલમ ૧૬ (૧) મુજબ સ્થાનિક સંસ્થાઓએ ફાળો આપવા બાબત- તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં, જે કોઇ પ્રમાણિત સંસ્થાના નિભાવ માટે અમુક રકમ આપવાનું કબુલ કર્યુ હોય તેવી કોઇ સ્થાનિક સંસ્થાઓએ તે રકમ રાજય સરકારને તે માટે ઠરાવેલી તારીખ પહેલા ભરવી જોઇએ. જે મુજબ તે વિસ્તારની નગર પાલિકા કે મહાનગર પાલિકા સાથે નિભાવ ખર્ચ રાજય સરકાર સરકાર અને નગર પાલિકા દ્વારા જે નક્કી કરવામાં આવશે તેટલો ફાળો ભરાઇ કરશે અને તેટલો બોજો નગરપાલિકાએ ભોગવવાનો રહેશે.
2. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય  જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.
3. આ યોજનાનો અમલ સમાજ સુરક્ષા ખાતુ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
7. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
8. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
9. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
12. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
13. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
14. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
15. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
16. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
17. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
18. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
19. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
20. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
21. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો**

1. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
2. આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
3. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. વિભાગે ડ્રાઇવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
5. નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.
6. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.
7. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
8. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
9. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
16. આ ઉપરાંત લાગુ પડતી અન્ય બોલીઓ અને શરતોનું પણ ચૂસ્તપણે પાલન કરવાનું રેહશે.

**માંગણી નં.૯૨**

**મુખ્ય સદર- ૨૨૩૫ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ**

**પેટા મુખ્ય સદર ૦૨ - સમાજ કલ્યાણ.**

**ગૌણ સદર- ૮૦૦ - અન્ય ખર્ચ**

**પેટા સદર ૦૧- એસ.એસ.ડબલ્યુ-૨૩- ભિક્ષા નાબુદી ભિક્ષુકોના પુનઃસ્થાપન માટે કાર્યક્રમ,**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 12-Aug-2024 (03:47 PM)

**(દ્રષ્ટિ શાહ)**
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા- બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)
- સિલેક્ટ ફાઈલ.